ભારતે 12મા દિવસે 2 સિલ્વર, 4 બ્રોન્ઝ સહિત 6 મેડલ જીત્યા; 66 મેડલ સાથે 8માં સ્થાને

પુરુષ હોકી: રોમાંચક મેચમાં ભારતનો પાકિસ્તાનને હરાવી ફાઇનલમાં પ્રવેશ

છેલ્લી 45 સેકન્ડમાં વિજયી ગોલ કરી ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને 4-3થી હરાવ્યું

પ્રથમ બે ક્વાર્ટરમાં ભારતનું વર્ચસ્વ, તો પાકિસ્તાને બીજા હાફમાં કરી રોમાંચક વાપસી; શનિવારે ફાઇનલમાં મલેશિયા સામે ટક્કર

કાકામિઘારા, તા. 1 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2026 પુરુષ હોકીની સેમિફાઇનલમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની દિલધડક મેચમાં 4-3થી વિજય મેળવીને ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. મહાપોર મુકાબલામાં મેચ પૂરી થવાની માત્ર 45 સેકન્ડ બાકી હતી ત્યારે અભિષેકે વિજયી ફિલ્ડ ગોલ ફટકારીને મેચ શૂટઆઉટમાં જતા અટકાવી ભારતને જીત અપાવી હતી. શનિવારે ગોલ્ડ મેડલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતનો સામનો મલેશિયા સામે થશે. મેચના પ્રથમ હાફમાં ભારતીય ટીમે સંપૂર્ણ દબદબો જાળવી રાખ્યો હતો. કેપ્ટન હરમનપ્રીત સિંહે પમી અને 13મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા બે ગોલ કર્યા હતા, જ્યારે 23મી મિનિટે સુખજીત સિંહે ફિલ્ડ ગોલ કરીને ભારતને 3-0ની મજબૂત લીડ અપાવી દીધી હતી. જોકે, હાફ-ટાઇમની બરાબર પહેલાં 30મી મિનિટે પાકિસ્તાનના અબુ મહેમૂદે ગોલ કરીને સ્કોર 3-1 કર્યો હતો. બીજા હાફમાં પાકિસ્તાને આક્રમક પુનરાગમન કરીને ભારતને ચોંકાવી દીધું હતું. પાકિસ્તાને 45મી મિનિટે હન્નાન શાહિદ અને 49મી મિનિટે રાણા વહીદના ગોલની મદદથી સ્કોર 3-3થી સરભર કરી દીધો હતો. ભારતીય ડિફેન્સ દબાણમાં આવી ગયું હતું અને મેચ શૂટ-આઉટ તરફ જઈ રહી હોય તેવું લાગતું હતું. પરંતુ છેલ્લી મિનિટે અભિષેકે શાનદાર ફિનિશિંગ સાથે ગોલ કરીને ભારતને રોમાંચક જીત અપાવી હતી.

વ્યક્તિગત કમ્પાઉન્ડ તીરંદાજીમાં ગણેશે બ્રોન્ઝ જીત્યો

નાગોયા, તા. 1 (પીટીઆઈ): નાગોયાઃ ભારતીય કમ્પાઉન્ડ તીરંદાજ ગણેશ મણિ રત્નમ થિરુમુરુએ એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરતા પુરૂષોની વ્યક્તિગત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. બુધવારે ગોલ્ડ જીતનારી ભારતીય પુરુષ ટીમનો હિસ્સો રહેલા ગણેશે બ્રોન્ઝ મેડલ પ્લે-ઓફમાં વિયેતનામના કોંગ ડુક ડાંગને 144 સામે 149 પોઈન્ટથી હરાવ્યો હતો. 20 વર્ષીય ગણેશે બ્રોન્ઝ મેડલ મેચમાં પોતાના 15માંથી 14 લક્ષ્ય પર સચોટ નિશાન સાધ્યું હતું.

આ અગાઉ સેમિફાઇનલમાં ગણેશ દક્ષિણ કોરિયાના કિમ જોંગહો સામે 144-148થી હારી ગયો હતો. પોતાની જીત અંગે ગણેશે જણાવ્યું, 'ભારત માટે એશિયન ગેમ્સમાં કમ્પાઉન્ડ વ્યક્તિગત મેડલ જીતવો એ ખૂબ જ ગૌરવપૂર્ણ ક્ષણ છે. આ અમારી સખત મહેનતનું પરિણામ છે.'

ભારતે શ્રીલંકાને 124 રને કચડી ફાઇનલમાં પ્રવેશ કર્યો

ઈશાન કિશનની અણનમ 80 રનની શાનદાર ઈનિંગ

બુમરાહ-અભિષેકની ઘાતક બોલિંગ; શ્રીલંકાની ટીમ 45 રનમાં ઓલઆઉટ

નિશીન, તા. 1 (પીટીઆઈ): એશિયન ગેમ્સ 2026ના પુરુષ ક્રિકેટના બીજા સેમિફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે શ્રીલંકાને 124 રનના વિશાળ અંતરથી હરાવીને ગોલ્ડ મેડલ મેચમાં પ્રવેશ કરી લીધો છે અને એક મેડલ પાક્કો કર્યો છે.ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે ઈશાન કિશનના 46 બોલમાં 4 ચોગ્ગા અને 5 છગ્ગા સાથે બનેલા અણનમ 80 રન તથા 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીની 21 બોલમાં 38 રનની આક્રમક ઈનિંગ્સની મદદથી સ્પિન-ફ્રેન્ડલી પીચ પર 20 ઓવરમાં 7 વિકેટે 169 રન બનાવ્યા હતા.170 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે માત્ર 9.5 ઓવરમાં 45 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જસપ્રીત બુમરાહે પ્રથમ જ ઓવરમાં 2 વિકેટ ઝડપીને શ્રીલંકાની કમર તોડી નાખી હતી, જ્યારે અક્ષર પટેલ અને અભિષેકે પણ 2 વિકેટ ઝડપી હતી.

પાકિસ્તાન સામે થશે ફાઇનલમાં ગોલ્ડ માટે મહામુકાબલો

શનિવારે રમાનારી ફાઇનલમાં ભારતનો સામનો કટ્ટર હરિફ પાકિસ્તાન સામે થશે, જેણે પ્રથમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશને હરાવ્યું હતું.'ઓપરેશન સિંદૂર' બાદ ભારતીય ખેલાડીઓ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું (હેન્ડશેક) ટાળી રહ્યા છે, તેથી આ મહામુકાબલામાં પ્રોટોકોલ અને મેદાન પરના વાતાવરણ પર સૌની નજર રહેશે. જોકે, પરિણામ ગમે તે આવે પણ બંને ટીમોએ પોડિયમ પર એકસાથે મેડલ સ્વીકારવો પડશે.

T-20-માં શ્રીલંકાનો સંયુક્ત રીતે સૌથી ઓછો સ્કોરનો રેકોર્ડ

શ્રીલંકાનો 45 રનનો સ્કોર વન-ડે/T20 રમતા ટેસ્ટ-પ્લેઇંગ દેશો દ્વારા T-20 આંતરરાષ્ટ્રીયમાં બનેલો સંયુક્ત રીતે સૌથી ઓછો સ્કોર છે (2019માં ઇંગ્લેન્ડ સામે વેસ્ટઇન્ડિઝ પણ 45 રને ઓલઆઉટ થયું હતું).

એશિયાડમાં મિશ્ર દિવસ: સેપકટાકરામાં ભારતે મેડલ નિશ્ચિત કર્યો, ટેનિસમાં ભારે નિરાશા

બુધવારે ભારતે બે સિલ્વર અને 4 બ્રોન્ઝ સાથે કુલ 6 મેડલ જીત્યા, કુલ મેડલ 66 થયા

સુમિત નાગલની હાર સાથે 40 વર્ષમાં પ્રથમ વખત ભારત ટેનિસમાં એકપણ મેડલ વિના પરત ફરશે

સેપકટાકરા પુરુષ ટીમે બ્રોન્ઝ મેડલ પાક્કો કર્યો; જુડો, શૂટિંગ અને સાઇકલિંગમાં ભારતીય પડકાર સમાપ્ત, ગોલ્ફમાં પ્રણવીનું બિન-બોગી પ્રદર્શન

નાગોયા, તા. 1 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતે ગ્રીકો-રોમન કુસ્તી અને ગોલ્ફ સહિતની રમત ક્ષેત્રે શાનદાર દેખાવ ચાલુ રાખ્યો છે. ભારતીય મેડલની કુલ સંખ્યા વધીને 65 થઈ ગઈ છે, જેમાં 10 ગોલ્ડ, 23 સિલ્વર અને 32 બ્રોન્ઝ મેડલ સામેલ છે, જેના કારણે ભારત મેડલ ટેલીમાં ટોપ-10 માં જળવાઈ રહ્યું છે.

કુસ્તી ક્ષેત્રે, ગ્રીકો-રોમન 97kg કેટેગરીમાં નિતેશ સિવાયે ફાઇનલમાં જાપાનના યુરી નાકાઝાતો સામે 0-4થી હાર અનુભવ્યા બાદ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો, જે આ કેટેગરીમાં ભારત માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ગોલ્ફમાં પ્રણવી અર્સે બીજા રાઉન્ડમાં બિલકુલ બોગી વગરનું સાત-અંડર 63 નું શાનદાર પ્રદર્શન કરી વ્યક્તિગત સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું છે. તેના આ દેખાવના જોરે દીક્ષા ડાગર અને અદિતિ અશોક સાથેની ભારતીય મહિલા ટીમ સાત-અંડર 273 ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલની રેસમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. સેપકટાકરામાં ભારતીય પુરુષ ક્વોડ્રન્ટ ટીમે મ્યાનમાર સામે 2-1 થી જીત મેળવી ગ્રુપ A માં ટોચનું સ્થાન મેળવીને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાકો કરી લીધો છે. બીજી તરફ, ટેનિસમાં સુમિત નાગલ ક્વાર્ટર ફાઇનલમાં ચીનના યિબિંગ વૂ સામે 4-6, 4-6થી હારી જતાં 1986 પછી પ્રથમ વખત ભારત ટેનિસમાં મેડલ વિના ખાલી હાથે પરત ફરશે. આ સિવાય જુડો, સાઇકલિંગ અને શૂટિંગમાં અનીશ ભાનવાલા પોડિયમ ફિનિશ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

એશિયન ગેમ્સ મેડલ ટેલી

1	ચીન	154	71	63	288
2	જાપાન (યજમાન)	59	79	79	217
3	દક્ષિણ કોરિયા	30	30	53	113
4	ઉઝબેકિસ્તાન	16	21	19	56
5	ઈરાન	12	17	13	42
6	થાઈલેન્ડ	12	11	15	38
7	બહેરીન	11	5	5	21
8	ભારત	10	23	33	66
9	કઝાકિસ્તાન	9	19	36	64
10	ઉત્તર કોરિયા	7	8	9	24

સેલિંગમાં પુરુષોની સ્કિફમાં મનુ-પ્રિન્સને સિલ્વર, મહિલાઓમાં હર્ષિતા-શીતલને બ્રોન્ઝ

ગામાગોરી સિટી (જાપાન), તા. 1 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ગુરુવારે સેલિંગ સ્પર્ધામાં ભારતે એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. પુરુષોની સ્કિફ ઈવેન્ટમાં કેરળના ફર્સ્ટ કઝિન મનુ ફ્રાન્સિસ (31) અને પ્રિન્સ કુરિસિંકલ નોબલની (30) જોડીએ 9 રેસ બાદ 23 પોઈન્ટ્સ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. આ સ્પર્ધામાં ચીને 16 પોઈન્ટ્સ સાથે ગોલ્ડ અને હોંગકોંગે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. બીજી તરફ, મહિલાઓની સ્કિફ ઈવેન્ટમાં ભારતની હર્ષિતા તોમર અને શીતલ વર્માની જોડીએ 24 નેટ પોઈન્ટ્સ સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. આ ઈવેન્ટમાં જાપાને ગોલ્ડ અને હોંગકોંગે સિલ્વર મેડલ જીત્યો હતો.

નિતેશને ગ્રીકો-રોમન રેસલિંગમાં સિલ્વર; માનસી બ્રોન્ઝ ચુકી

1962 પછી આ ઈવેન્ટમાં ભારતનો પ્રથમ સિલ્વર મેડલ

જોકે 64 વર્ષ બાદ આ ઈવેન્ટમાં ગોલ્ડ જીતવાની સુવર્ણ તક છીનવાઈ જતાં નિરાશા

નાગોયા, તા. 1 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026ના 12મા દિવસે ભારતીય રેસલર નિતેશ શિવાયે ગ્રીકો-રોમન 97 કિગ્રા કેટેગરીની ફાઇનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો હતો. જોકે, ફાઇનલમાં હોમ ફેવરિટ જાપાનના યુરી નાકાઝાટો સામે 0-4થી પરાજય થતાં તેને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

નિતેશ પાસે એશિયન ગેમ્સના ઈતિહાસમાં 64 વર્ષ બાદ (1962ર પછી) ગ્રીકો-રોમન કુસ્તીમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવવાની શ્રેષ્ઠ અને ઐતિહાસિક તક હતી. તે ગોલ્ડ ન જીતી શકવાની નિરાશા ચોક્કસ રહી, પરંતુ આ સાથે જ તેણે 1962 બાદ આ રમતમાં ભારતને પ્રથમ સિલ્વર મેડલ અપાવીને દેશનું નામ રોશન કર્યું છે. 1962ની એશિયાડ બાદ ગ્રીકો-રોમનમાં ભારતનો આ પ્રથમ સિલ્વર મેડલ છે.

બીજી તરફ, મહિલાઓની 62 કિગ્રા કેટેગરીમાં માનસી આહલાવત બ્રોન્ઝ મેડલ પ્લે-ઓફ મુકાબલામાં મોંગોલિયાની અલ્તાજિન તોગતોખ સામે 2-5થી હારી જતાં મેડલ જીતવાથી વંચિત રહી ગઈ હતી.

વોલીબોલમાં પાકિસ્તાન સામે ભારતનો 0-3થી કારમો પરાજય

ભારતનું 40 વર્ષ બાદ મેડલ જીતવાનું સપનું રોળાયું

ગ્રુપ સ્ટેજમાં અજેય રહેલી ભારતીય ટીમ મહત્વની મેચમાં સાવ નિસ્તેજ સાબિત થતા ચાહકો નિરાશ

નાગોયા, તા. 1 (પીટીઆઈ): એશિયન ગેમ્સની પુરુષોની વોલીબોલ ક્વાર્ટર ફાઇનલમાં પરંપરાગત હરીફ પાકિસ્તાન સામે 0-3થી આંચકાજનક પરાજય થતાં ભારતીય ટીમની 40 વર્ષ બાદ મેડલ મેળવવાની આશા પર પાણી ફરી વળ્યું છે, જેનાથી રમતપ્રેમીઓમાં ભારે નિરાશા છવાઈ ગઈ છે.

1 કલાક અને 22 મિનિટ ચાલેલા આ મુકાબલામાં વિશ્વમાં 38મો ક્રમ ધરાવતા પાકિસ્તાને 48મો ક્રમ ધરાવતી ભારતીય ટીમને 19-25, 23-25, 18-25થી સીધા સેટોમાં ધૂળ ચાટતી કરી દીધી હતી.

ગ્રુપ સ્ટેજમાં વિયેતનામ, હોંગકોંગ અને કતર જેવી ટીમોને હરાવીને અજેય રહેલી ભારતીય ટીમ મહત્વની મેચમાં જ સાવ નિસ્તેજ સાબિત થઈ હતી. 1986 બાદ પ્રથમ વખત મેડલ જીતવાની તક ભારતે ગુમાવી દીધી છે.

ભારત તરફથી અશ્વાલ રાયે સૌથી વધુ 9 પોઈન્ટ, જ્યારે જેરોમ વિનીથ, જોએલ બેન્જામિન અને ચિરાગ યાદવે 8-8 પોઈન્ટ મેળવ્યા હતા. પાકિસ્તાન માટે મુરાદ ખાને 19 પોઈન્ટ સાથે શાનદાર પ્રદર્શન કર્યું હતું.

મહિલા હોકી: 44 વર્ષ બાદ ગોલ્ડ મેડલ જીતવા ભારત સામે ચીનની દીવાલનો પડકાર

ફાઇનલ જીતીને 1982 પછી પ્રથમ વખત ગોલ્ડ અને 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન મેળવવાની તક

કાકામીઘારા, તા. 1 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં શુક્રવારે રમાનારી મહિલા હોકી ફાઇનલમાં ભારતનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીન સામે થશે. ભારતીય મહિલા ટીમ 44 વર્ષ બાદ પોતાનો પ્રથમ ગોલ્ડ મેડલ જીતવા અને 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે સીધું ક્વોલિફિકેશન હાંસલ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ભારતે છેલ્લે 1982માં એશિયાડ ગોલ્ડ જીત્યો હતો, જ્યારે 1998 અને 2018માં ટીમે સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો.

ભારતીય ટીમે સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાને 2-0થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જેમાં ઈશિકા ચૌધરી અને કેપ્ટન સલીમા ટેટેએ ગોલ્ડન ગોલ કર્યા હતા. બીજી તરફ ચીને જાપાનને શૂટ-આઉટમાં ૪-2થી હરાવ્યું હતું.

ભારત માટે આ ટૂર્નામેન્ટમાં દીપિકાએ સૌથી વધુ ૨૧ ગોલ (૧૯ પેનલ્ટી કોર્નર) અને નવનીત કૌરે ૧૦ ગોલ કર્યા છે. વર્લ્ડકપ 2026માં બંને ટીમો વચ્ચે મુકાબલો 0-0થી ડ્રો રહ્યો હતો, જેથી આ ફાઇનલ રોમાંચક બની રહેશે.

આજનું શિડ્યુલ

2 ઓક્ટોબર શુક્રવારે એશિયન ગેમ્સમાં ભારતીય રમતવીરોનું શિડ્યુલ આ મુજબ રહેશે:

આર્ચરી:

રિકર્વ ગર્લ્સ ટીમ સેમિફાઇનલ: ભારત (કુમકુમ મોહોડ, અંકિતા, કીર્તિ) વિ. ચીન સવારે 5:55 વાગ્યે

રિકર્વ મિક્સ્ડ ટીમ સેમિફાઇનલ: ભારત (ધીરજ બોમ્માદેવરા અને કુમકુમ મોહોડ) વિ. જાપાન સવારે 8:20 વાગ્યે

રિકર્વ મેન્સ ટીમ સેમિફાઇનલ: ભારત (ધીરજ બોમ્માદેવરા, નીરજ ચૌહાણ અને યશદીપ ભોગે) વિ. ઈરાન સવારે 10:30 વાગ્યે

હોકી:

મહિલા ફાઇનલ: ભારત વિ. ચીન બપોરે 3:30 વાગ્યે

બોક્સિંગ:

મહિલા 75 કિગ્રા ફાઇનલ: લવલીના બોરગોહેન વિ. બાઓ ઝિચી (ચીન) સવારે 10:00 વાગ્યે

મહિલા 65 કિગ્રા ફાઇનલ: પરવીન હૂડા વિ. નિયેન-ચિન ચેન (તાઈપેઈ) બપોરે 2:15 વાગ્યે

પુરુષ 80 કિગ્રા ફાઇનલ: અંકુશ પંઘાલ વિ. મિનસોંગ કિમ (દક્ષિણ કોરિયા) બપોરે 2:45 વાગ્યે

રેસલિંગ:

મહિલા 50 કિગ્રા 1/8 ફાઇનલ: દિપાંશી વિ. યુઇ સુસાકી સવારે 7:08 વાગ્યે

પુરુષ ફ્રીસ્ટાઈલ 125 કિગ્રા 1/8 ફાઇનલ: રજત રૂહાલ વિ. યેદિગે કાસિમ્બેકલ સવારે 7:25 વાગ્યે

વર્લ્ડકપ 2027 શિડ્યુલ જાહેર: 10 ઓક્ટોબરે પાકિસ્તાન સામે મહામુકાબલો

મુખ્ય ગ્રુપ સ્ટેજની પ્રથમ મેચ 7 ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે રમાશે

ગ્રુપ-Aમાં ભારત, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, સહ-યજમાન ઝિમ્બાબ્વે, અફઘાનિસ્તાન અને એક ક્વોલિફાયર ટીમ

17 અને 18 નવેમ્બરે સેમિફાઇનલ, 21 નવેમ્બરે ફાઇનલ

દુબઈ, તા. 1 (પીટીઆઈ): આઈસીસી દ્વારા પુરુષ વન-ડે ક્રિકેટ વિશ્વ કપ 2027ના કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. ગત સત્રની રનર-અપ ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત 7 ઓક્ટોબરે કેપ ટાઉનના ન્યૂલેન્ડ્સ સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે કરશે. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ 10 ઓક્ટોબરે જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમમાં ચિરપ્રતિદ્વંદ્વી પાકિસ્તાન સામે રમશે.

આઈસીસી ટૂર્નામેન્ટમાં ભારતને ગ્રુપ-Aમાં ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, સહ-યજમાન ઝિમ્બાબ્વે, અફઘાનિસ્તાન અને એક ક્વોલિફાયર ટીમ સાથે રાખવામાં આવ્યું છે. ગ્રુપ-Bમાં ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને બીજી ક્વોલિફાયર ટીમ સામેલ છે. ટૂર્નામેન્ટની ફાઇનલ 21 નવેમ્બરે જોહાનિસબર્ગમાં રમાશે.

સુપર-7 તબક્કામાં જો ભારત અને પાકિસ્તાન બંને ક્વોલિફાય થશે, તો 7 નવેમ્બરે કેપ ટાઉનમાં ફરી બંને ટીમો વચ્ચે મુકાબલો રમાશે. આ તબક્કામાં ભારત 28 ઓક્ટોબરે વિકટોરિયા ફોલ્સ ખાતે ઓસ્ટ્રેલિયા સામે પણ રમશે. આ વખતનો વર્લ્ડકપ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાના 12 સ્ટેડિયમોમાં યોજાશે. 17 અને 18 નવેમ્બરે સેમિફાઇનલ રમાશે.

ગ્રુપ સ્ટેજમાં ભારતનું શિડ્યુલ

તારીખ	મેચ	સ્થળ
7 ઓક્ટોબર 2027	ભારત વિ. ઓસ્ટ્રેલિયા	કેપ ટાઉન
10 ઓક્ટોબર 2027	ભારત વિ. પાકિસ્તાન	જોહાનિસબર્ગ
14 ઓક્ટોબર 2027	ભારત વિ. અફઘાનિસ્તાન	ત્શ્વાને (સેન્ચુરિયન)
17 ઓક્ટોબર 2027	ભારત વિ. ક્વોલિફાયર	બ્લોમફોન્ટેન
24 ઓક્ટોબર 2027	ભારત વિ. ઝિમ્બાબ્વે	વિક્ટોરિયા ફોલ્સ

સુપર-7 તબક્કામાં ભારતનું સંભવિત શિડ્યુલ

તારીખ	મેચ	સ્થળ
28 ઓક્ટોબર 2027	ભારત વિ. ઓસ્ટ્રેલિયા	વિક્ટોરિયા ફોલ્સ
31 ઓક્ટોબર 2027	ભારત વિ. દક્ષિણ આફ્રિકા	જોહાનિસબર્ગ
4 નવેમ્બર 2027	ભારત વિ. ન્યુઝીલેન્ડ	પાર્લ
7 નવેમ્બર 2027	ભારત વિ. પાકિસ્તાન	કેપ ટાઉન
11 નવેમ્બર 2027	ભારત વિ. ઇંગ્લેન્ડ	ગ્કેબેર્હા
14 નવેમ્બર 2027	ભારત વિ. શ્રીલંકા	ડરબન

સ્ક્વોશની સેમિફાઇનલમાં પરાજય બાદ પુરુષ અને મહિલા ટીમનો બ્રોન્ઝ મેડલથી સંતોષ

નાગોયા, તા. 1 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં ભારતીય સ્ક્વોશ ટીમોનું અભિયાન નિરાશાજનક અંત તરફ દોરી ગયું છે. ગુરુવારે રમાયેલી સેમિફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ ટીમ અને મહિલા ટીમ બંને પોતપોતાના મુકાબલા હારી જતાં તેમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મહિલા સેમિફાઇનલમાં ભારતનો હોંગકોંગ સામે 1-2થી પરાજય થયો હતો. 18 વર્ષીય અનાહત સિંહ મેચ પોઈન્ટ્સ જાળવી ન શકતાં 2-3થી હારી ગઈ હતી. ત્યારબાદ તન્વી ખન્નાએ 3-1થી શાનદાર પુનરાગમન કરીને ભારતની આશા જીવંત રાખી હતી. પરંતુ નિર્ણાયક મેચમાં અનુભવી જોશના ચિનપ્પાનો સીધા સેટોમાં પરાજય થતાં ભારત ફાઇનલની રેસમાંથી બહાર ફેંકાયું હતું. બીજી તરફ, કાગળ પર મજબૂત દેખાતી ડિફેન્ડિંગ ચેમ્પિયન પુરુષ ટીમ પણ સેમિફાઇનલમાં મલેશિયા સામે 1-2થી હારીને ગોલ્ડ મેડલની દોડમાંથી બહાર થઈ ગઈ હતી. મેચમાં વીર ચોટરાણીએ જીત નોંધાવી હતી, પરંતુ પ્રતિભાશાળી ખેલાડીઓ અભય સિંહ અને વેલવન સેન્થિલકુમાર પોતાની મેચો હારી ગયા હતા. આ સાથે ભારતે સ્ક્વોશમાં 2 સિલ્વર અને 3 બ્રોન્ઝ સાથે પ્રદર્શન પૂર્ણ કર્યું હતું.